log in facebook kamalamdailygandhinagar

Monday
12.10.2020
*Volume :5 * Issue No. 56
Email.: kamalamgujarat@gmail.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

વંદે માતરમ્

# કમલમ્

વંદે માતરમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

GUJGUJ/2016/73451

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-



# પ્રોપર્ટી કાર્ડ દ્વારા સરળતાથી બેંક ધિરાણ લેવાનું સુનિશ્ચિત થઇ શકશે: પ્રધાનમંત્રી

## પ્રધાનમંત્રીએ સ્વામીત્વ યોજના અંતર્ગત પ્રોપર્ટી કાર્ડના ભૌતિક વિતરણનો પ્રારંભ કર્યો




### દરેક પરિવારને આગામી ત્રણથી ચાર વર્ષમાં પ્રોપર્ટી કાર્ડ આપવાનું વચન આપ્યું

કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી સ્વામીત્વ યોજના અંતર્ગત પ્રોપર્ટી કાર્ડના ભૌતિક વિતરણનો પ્રારંભ કરાવ્યો હતો અને આ યોજનાના કેટલાક લાભાર્થીઓ સાથે વાર્તાલાપ કર્યો હતો. પ્રધાનમંત્રીએ આજે 'સ્વામીત્વ યોજનાક્ક અંતર્ગત પોતાના ઘર માટે પ્રોપર્ટી કાર્ડ મેળવનારા લાભાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા અને કહ્યું હતું કે, હવે આ લાભાર્થીઓ પાસે તેમનો અધિકાર આવી ગયો છે, તેઓ પોતાના ઘરના માલિક હોવાનો કાયદેસરનો દસ્તાવેજ તેમના હાથમાં છે. આ યોજના દેશના ગામડાંઓમાં એક ઐતિહાસિક પરિવર્તન લાવવા જઇ રહી છે. તેમણે ઉમેર્યું હતું કે, દેશે આત્મનિર્ભર ભારતના નિર્માણની દિશામાં વધુ એક મોટું ડગલું ભર્યું છે કારણ કે આ યોજના ગ્રામીણ ભારતને આત્મનિર્ભર બનાવશે. તેમણે કહ્યું હતું કે, હરિયાણા, કર્ણાટક, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ઉત્તરાખંડ અને ઉત્તરપ્રદેશના એક લાખ લાભાર્થીઓને આજે તેમના ઘરના કાયદેસર કાગળો સોંપવામાં આવ્યા છે અને આગામી ત્રણથી ચાર વર્ષમાં દેશમાં દરેક ગામડાંમાં દરેક પરિવારને તેમના ઘરના કાયદેસરના કાગળો સોંપી દેવામાં આવશે. પ્રધાનમંત્રીએ બે મહાન નેતાઓ જયપ્રકાશ નારાયણ અને નાનાજી દેશમુખની જન્મજયંતિ ના રોજ આ પ્રોપર્ટી કાર્ડ્સના વિતરણ અંગે ખુશીની લાગણી વ્યક્ત કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, તે બંને નેતાનો સંઘર્ષ અને આદર્શો પણ એકસમાન હતા. તેમણે જુની યાદોનું સ્મરણ કરતા કહ્યું હતું કે, નાનાજી અને જે.પી. બંનેએ ગ્રામીણ ભારત અને ગરીબોના સશક્તિકરણ માટે આખા જીવનકાળ દરમિયાન લડત આપી હતી. ''જ્યારે ગામડાંના લોકો વિવાદોમાં સપડાઇ જાય ત્યારે, નથી તેઓ પોતાનો વિકાસ કરી શકતા કે નથી સમાજનો વિકાસ કરી શકતા'' – નાનાજીના આ શબ્દોને યાદ કરતા શ્રી મોદીએ જણાવ્યું હતું કે, તેઓ એવું પણ માનતા હતા કે, આપણા ગામડાંઓમાં સંખ્યાબંધ વિવાદોનો ઉકેલ લાવવા માટે માલિકી એક મોટું માધ્યમ બની રહેશે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, જમીન અને મકાનની માલિકી દેશના વિકાસમાં ખૂબ જ મોટી ભૂમિકા નિભાવે છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, જ્યારે કોઇ મિલકતનો રેકોર્ડ હોય ત્યારે, નાગરિકોમાં એક આત્મવિશ્વાસ આવી જાય છે અને રોકાણ માટે નવા અવકાશ ખુલી જાય છે. મિલકતના રેકોર્ડના આધારે બેંકોમાંથી સરળતાથી ધિરાણ મળી શકે છે, રોજગારી અને સ્વ-રોજગારીના અવકાશ પણ ખુલી જાય છે. પરંતુ આજે સૌથી મોટી મુશ્કેલી એ છે કે, દુનિયામાં માત્ર ત્રીજા ભાગની વસ્તી જ તેમની મિલકતનો કાયદેસર રેકોર્ડ ધરાવે છે. તેમણે ઉમેર્યું હતું કે, પ્રોપર્ટી કાર્ડના કારણે ગામડાંઓમાં કોઇપણ વિવાદ વગર મિલકતની ખરીદી અને વેચાણ થઇ શકશે. તેમણે કહ્યું હતું કે, આજે આપણા ગામડાંઓમાં એવા સંખ્યાબંધ યુવાનો છે જેઓ પોતાની રીતે કંઇક કરવાની મહત્વાકાંક્ષા રાખે છે. પ્રોપર્ટી કાર્ડ પ્રાપ્ત થયા પછી, તેમને પોતાના મકાન પર સરળતાથી બેંકોમાંથી ધિરાણ મળવાનું સુનિશ્ચિત થઇ જશે. તેમણે કહ્યું હતું કે, મેપિંગ અને સર્વેમાં ડ્રોનના ઉપયોગ જેવી નવી ટેકનોલોજીથી, દરેક ગામડાંમાં જમીનના સચોટ રેકોર્ડ્સ બનાવી શકાય છે. જમીનના સચોટ રેકોર્ડના કારણે ગામડામાં વિકાસ સંબંધિત કામકાજો વધુ સરળ બની જશે એ પણ પ્રોપર્ટી કાર્ડનો વધુ એક ફાયદો છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, 'સ્વામીત્વ યોજનાક્ક પંચાયતીરાજ તંત્રને વધુ મજબૂત બનાવવામાં મદદરૂપ થશે જેના માટે છેલ્લા છ વર્ષથી પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે. તેમણે છેલ્લા ૬ વર્ષમાં ગ્રામ પંચાયતોને મજબૂત કરવા માટે સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલી વિવિધ પહેલોનો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે, સ્વામીત્વ યોજના મ્યુનિસિપાલિટી અને મ્યુનિસિપલ કોર્પોરેશનોની જેમ આપણી ગ્રામ પંચાયતોમાં ગામડાના વ્યવસ્થાપનને વધુ સરળ બનાવશે. તેમણે ઉમેર્યું હતું કે, છેલ્લા ૬ વર્ષમાં ગામડાંઓમાં ઉભી થતી ગંભીર અછતોની સ્થિતિ નિવારવા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે. તેમણે કહ્યું હતું કે, છેલ્લા ૬ વર્ષમાં દેશના ગામડાંમાં અભૂતપૂર્વ સ્તરે વિકાસ કાર્યો થઇ શક્યા છે જે સ્વતંત્રતા પછી સાત દાયકામાં પણ નહોતા થઇ શક્યા. તેમણે છેલ્લા ૬ વર્ષમાં ગામડાંને મળેલા વિવિધ લાભો જેમ કે, બેંક ખાતાં, વીજળીનું જોડાણ, શૌચાલયોની ઉપલબ્ધતા, ગેસનું જોડાણ, પાકા ઘર અને પાઇપ દ્વારા પીવાના પાણીની સુવિધા વગેરેનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, દેશમાં દરેક ગામડાંને ઓપ્ટિકલ ફાઇબર કનેક્શન દ્વારા જોડવા માટે એક મોટું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે જે ઘણી ઝડપથી આગળ વધી રહ્યું છે. પ્રધાનમંત્રીએ વિપક્ષોની ટીકા કરતા વધુમાં કહ્યું હતું કે, તેઓ નથી ઇચ્છતા કે દેશમાં આપણા ખેડૂતો આત્મનિર્ભર બને જેથી કૃષિ ક્ષેત્રમાં કરવામાં આવેલા સુધારાઓથી તેમને તકલીફ છે. નાના ખેડૂતો, પશુપાલકો અને માછીમારો માટે કિસાન ક્રેડિટ કાર્ડ શરૂ કરવામાં આવતા દલાલો અને વચેટિયાઓને તકલીફ થઇ રહી છે કારણ કે, તેમની ગેરકાયદે આવકો બંધ થઇ ગઇ છે. તેમણે આવા લોકોના હાથમાં જતી ખોટી આવકને રોકવા માટે હાથ ધરવામાં આવેલી વિવિધ પહેલ જેમ કે, નીમ કોટિંગ વાળુ યુરિયા, ખેડૂતોના બેંક ખાતાંમાં ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર વગેરેનો પણ ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે, આવી ઉણપો દૂર કરવાથી જેમને અસર પડી છે તેઓ આજે કૃષિ ક્ષેત્રમાં કરવામાં આવેલા સુધારાઓનો વિરોધ કરી રહ્યાં છે. તેમણે કહ્યું હતું કે, દેશમાં વિકાસના કારણે આવા લોકોને આગળ વધતા અટકાવી શકાશે અને સાથે-સાથે ગામડાં તેમજ ગરીબ લોકો આત્મનિર્ભર પણ થઇ શકશે. તેમણે ઉમેર્યું હતું કે, આ સંકલ્પ પૂરો કરવા માટે 'સ્વામીત્વ યોજનાક્કની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ છે.

# પ્રધાનમંત્રીએ જયપ્રકાશ નારાયણને તેમની જયંતી નિમિત્તે નમન કર્યું

## પ્રધાનમંત્રીએ નાનાજી દેશમુખને તેમની જયંતી નિમિત્તે નમસ્કાર કર્યા






કમલમ દૈનિક, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે લોકનાયક જયપ્રકાશ નારાયણ અને નાનાજી દેશમુખને તેમની જયંતિ નિમિત્તે નમસ્કાર કર્યા છે.પ્રધાનમંત્રીએ કહ્યું કે, ''હું લોકનાયક જેપીને તેમની જયંતિ ઉપર નમન કરુ છું. તેઓ ભારતની સ્વતંત્રતા માટે બહાદુરીથી લડ્યા અને જ્યારે આપણી લોકશાહી ઉપર નૈતિકતાનો હુમલો થઈ રહ્યો હતો, ત્યારે તેમણે તેને બચાવવા માટે એક વિશાળ જનઆંદોલનનું નેતૃત્વ કર્યું હતું. તેમના માટે રાષ્ટ્રીય હિત અને લોક કલ્યાણ સર્વોપરિ હતા.મહાન નાનાજી દેશમુખ લોકનાયક જેપીના સૌથી નિષ્ઠાવાન અનુયાયીઓમાંના એક હતા. તેમણે જેપીના વિચારો અને આદર્શોને લોકપ્રિય બનાવવા માટે અથાક મહેનત કરી. ગ્રામીણ વિકાસ અંગેનું તેમનું કામ આપણને પ્રેરણા આપે છે. ભારત રત્ન નાનાજી દેશમુખને તેમની જયંતિ નિમિત્તે યાદ કરી રહ્યો છું.ભારતને ગર્વ છે કે લોકનાયક જેપી અને નાનાજી દેશમુખ જેવા મહાન વ્યક્તિઓ આ ભૂમિ પર જન્મ્યા છે. આજનો દિવસ આપણે આપણા રાષ્ટ્ર માટે તેમની દૃષ્ટિ પ્રમાણે પરિપૂર્ણ કરવા માટે સમર્પિત કરવાનો છે.''

# નવસારી તાલુકાના સિસોદ્રા ગણેશ ખાતે વિવિધ યોજનાઓનો લોકાર્પણ કાર્યક્રમ સાંસદ સી.આર.પાટીલની અધ્યક્ષસ્થાને યોજાયો

## જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળાઓમાં સુવિધાઓ માટે રૂ.૯૪,૭૮,૦૦૦/- ની ફાળવણી કરાઇ







કમલમ દૈનિક, નવસારી

નવસારી જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ દ્વારા સિસોદ્રા ગણેશ કુમાર શાળા ખાતે શાળા પુસ્કતલાય, વિજ્ઞાન પ્રયોગશાળા, ફરતું પુસ્તકાલય, ફરતી વિજ્ઞાન પ્રયોગશાળા, પ્રવાસી શિક્ષક નિમણૂંક હુકમ તથા વ્હાલી દિકરી યોજનાના મંજૂરી હૂકમનું વિતરણ કાર્યક્રમ નવસારી સાંસદ શ્રી સી.આર.પાટીલના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ અવસરે નવસારી ધારાસભ્ય શ્રી પિયુષભાઇ દેસાઇ, ગણદેવી ધારાસભ્ય શ્રી નરેશભાઇ પટેલ, નવસારી જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી અમિતાબેન પટેલ ઉપસ્થિત રહયાં હતાં.આ પ્રસંગે નવસારી સાંસદ શ્રી સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, સિસોદ્રા ગણેશ કુમાર શાળાનું ગ્રામજનો, એન.આર.આઇ. દાતાઓ તેમજ આચાર્યશ્રીના પહેલથી ખૂબ સારું નિર્માણ થવા પામેલું છે.

ગામમાં બાળકોને સારું શિક્ષણ મળે તે ખૂબ જરૂરી છે. શ્રી પાટીલે શાળાના આચાર્યશ્રી અને દાતાઓને અભિનંદન પાઠવ્યા હતાં. જેમના ઘરે બે દિકરીઓ જન્મી હોઇ તેમને વ્હાલી દિકરી યોજનાનો લાભ આપવામાં આવે છે. આવી યોજનાઓના કારણે દિકરીઓની સંખ્યામાં પણ વધારો થઇ રહયો છે. નવસારી જિલ્લામાં ૧૦૦૦ દિકરાઓની સામે ૧૦૦૭ દિકરીઓ છે જે ગૌરવની બાબત છે. રાજય સરકારની વિવિધ યોજનાઓને લોકો સુધી પહોદ્ચાડવા માટે અધિકારીઓ/ પદાધિકારીઓને અનુરોધ કર્યો હતો. નવસારી ધારાસભ્ય શ્રી પિયુષભાઇ દેસાઇએ જણાવ્યું હતું કે, પ્રાથમિક શિક્ષણ ખૂબ જ અગત્યનું છે. જેનાથી નાના બાળકોનો પાયો શરૂઆતથી જ મજબૂત બને છે. જેથી આગળ જતાં બાળકોને તકલીફ પડતી નથી. ગુજરાતમાં ફરતી વિજ્ઞાન પ્રયોગશાળાનો પહેલો પ્રયોગ નવસારી જિલ્લામાં થઇ રહયો છે જે ખૂબ આનંદની વાત છે. ફરતી પ્રયોગશાળા ગામેગામ ફરશે અને વિદ્યાર્થીઓને ઘર બેઠા જ માર્ગદર્શન મળી રહેશે.

ધારાસભ્યશ્રીએ સિસોદ્રા ગણેશ કુમાર શાળાના આચાર્યશ્રી અને શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતાં.નવસારી સાંસદ શ્રી સી.આર.પાટીલે તેમજ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે ફરતુ પુસ્તકાલય અને ફરતી વિજ્ઞાન પ્રયોગશાળાને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. તેમજ પ્રવાસી શિક્ષક નિમણૂંક હુકમ વિતરણ તથા ૧૪ લાભાર્થીઓને વ્હાલી દિકરી યોજનાના મંજૂરી હુકમ સ્થળ પરથી વિતરણ કરવામાં આવ્યા હતાં.નવસારી જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળાઓમાં ગણિત-વિજ્ઞાનના પ્રવાસી શિક્ષક, વિજ્ઞાન લેબની સુવિધા, લાયબ્રેરીની સુવિધા, ફરતી પ્રયોગશાળા માટે સુવિધા, ફરતી લાયબ્રેરી માટે સુવિધા પુરી પાડવાની યોજના માટે કુલ રૂ.૯૪,૭૮,૦૦૦/- ની ફાળવણી કરવામાં આવી છે.

કાર્યક્રમના પ્રારંભમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતી પ્રશસ્તિ પારીકે પ્રાસંગિક પ્રવચન કર્યુ હતું. અંતમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી આર.એમ.ચૌધરીએ આભારવિધિ કરી હતી. આ પ્રસંગે જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના અધ્યક્ષ શ્રી પ્રવિણસિંહ ઠાકોર, ગામ અગ્રણીશ્રીઓ, દાતાઓ, પદાધિકારીઓ, અધિકારીઓ, શિક્ષકોમિત્રો, શાળાના આચાર્ય શ્રીમતી પિનલબેન સહિત ગ્રામજનો ઉપસ્થિત રહયાં હતાં.

# વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૩૧મીએ કેવડિયા કોલોની ખાતે ક્રૂઝ સેવાનું ઉદ્ઘાટન કરશે



કમલમ દૈનિક,અમદાવાદ,

નમર્દા ડેમ પાસે આવેલા સ્ટેચ્યુ ઓફ યુનિટી પાસે ૨૦૦ પ્રવાસીઓને એક સાથે બેસાડી છ કિમીનો ફેરાવો ફરી મનોરંજન સાથે બોટિંગ કરાવતી ફેરી ક્રૂઝ સર્વિસ હવે આગામી ૩૧ મી ઓક્ટોબરે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે લોકાર્પણ થાય તેવી શક્યતાઓ વચ્ચે પુનઃ તૈયારીઓ કરવામાં આવી રહી છે.

જોકે, કોરોના મહામારી વચ્ચે સોશિયલ ડિસ્ટન્સ માટે ૫૦ જેટલા પ્રવાસીઓની સફર કરાવવામાં આવશે તેવી તૈયારી સાથે આ સેવા પ્રવાસીઓ માટે ખુલ્લી મુકાશે. એક પ્રવાસી દીઠ ૩૦૦ રૂપિયાની ટિકિટ નક્કી કરવામાં આવી છે. વડા પ્રધાન ૩૦મીએ જ અમદાવાદ આવીને ત્યાંથી રીવર ફ્રન્ટ ખાતેથી સી પ્લેનથી કેવડિયા કોલોની જાય એવી પણ શક્યતાઓ વ્યકત કરવામાં આવી રહી છે.

નર્મદા જિલ્લામાં આવેલી વિશ્ર્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટી જે દેશ અને દુનિયામાં પ્રચલિત થઈ છે. જેને નિહાળવા બે વર્ષમાં ૪૪ લાખ કરતા વધુ પ્રવાસીઓ આવી ચુક્યા છે. સરકાર દ્વારા પણ અહીં આવતા પ્રવાસીઓ માટે અનેક આકર્ષણો ઊભા કરવામાં આવ્યા છે. જેમાં હવે પ્રવાસીઓ માટે વધુ એક આકર્ષણ ક્રૂઝ સર્વિર શરૂ કરવામાં આવશે.

હાલમાં સ્ટેચ્યૂ ઑફ લિબર્ટી પાસે ક્રૂઝ દ્વારા લિબર્ટીની આજુબાજુ ફરી લિબર્ટી જોઈ શકાય છે તેમ હવે કેવડિયા પાસે બનેલા સ્ટેચ્યુ ઓફ યુનિટી પાસે પણ ક્રૂઝ ફરશે. જેમાં પ્રવાસીઓ બોટિંગની મઝા માણી શકશે. આ ક્રૂઝમાં સામાન્ય સંજોગોમાં એક સાથે ૨૦૦ જેટલા પ્રવાસીઓ સવારી કરી શકશે, પરંતુ હાલમાં ચાલી રહેલી કોરોના મહામારીની સ્થિતિને જોતાં માત્ર ૫૦ મુસાફરોને જ એક રાઉન્ડમાં બેસાડવામાં આવશે.

# દવાના માધ્યમથી આપણે ચાઈનીઝ વાયરસને નાબૂદ કરીશુ: ટ્રમ્પ



કમલમ દૈનિક,વૉશિંગ્ટન

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ કોરોના વાયરસની સારવાર માટે ત્રણ દિવસ હોસ્પિટલમાં દાખલ થયા બાદ શનિવારે પ્રથમ વખત જાહેરમાં દેખાયા હતા. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વ્હાઇટ હાઉસના સાઉથ લોન પર ઉભા રહીને તેમના શુભેચ્છકોનો આભાર માન્યો.

આ દરમિયાન યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે અમેરિકન વિજ્ઞાન અને દવાના માધ્યમથી આપણે બધા માટે ચાઈનીઝ વાયરસને નાબૂદ કરીશું. અમેરિકન રાષ્ટ્રપતિ વ્હાઇટ હાઉસની બાલ્કનીમાં ઉભા રહી અને કહ્યું છે કે હું તમારી પ્રાર્થના માટે તમારા બધાનો આભાર માનું છું. અમેરિકી રાષ્ટ્રપતિનો કાર્યક્રમ કોરોના વાયરસથી સંપૂર્ણ રીતે મુક્ત થવા માટે બનાવવામાં આવ્યો હતો અને તે ફરીથી ચૂંટણીમાં ડેમોક્રેટના ઉમેદવાર જો બિડેન વિરુદ્ધ પ્રચાર કરવા તૈયાર છે. જો કે રાષ્ટ્રપતિ ડોકટરો વિના તે હાજર થયા કે તેઓ હવે જીવલેણ કોરોના વાયરસથી સંક્રમિત નથી. બીજી તરફ, વ્હાઇટ હાઉસ દ્વારા ગુરુવારથી તેમના સ્વાસ્થ્ય વિશે ઔપચારિક અપડેટ જાહેર કરવામાં આવ્યું નથી.

## તંત્રી સ્થાનેથી......

વિશ્વભરમાં નોવેલ કોરોના વાઇરસ (કોવિડ-૧૯)ને વર્લ્ડમ હેલ્થન ઓર્ગેનાઇઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવી છે. જે અંતર્ગત કેન્દ્રપ અને રાજ્યિ સરકાર દ્વારા વિવિધ માર્ગદર્શિકાઓ જાહેર કરી છે. કોરોના વાઇરસના સંક્રમણને અટકાવવા કેન્દ્ર ના ગૃહ વિભાગ દ્વારા તા.૧/૧૦/૨૦ના જાહેરનામાથી લોકડાઉનની મુદત તા.૩૧/૧૦/૨૦૨૦ સુધી વધારવામાં આવી છે. આમ છતાં કેટલાક લોકો બિનજરૂરી રીતે ઘરની બહાર નીકળતા અટકાવવા અને લોકડાઉનની ચુસ્તરપણે અમલવારી કરાવાવ માટે કાયદાકીય કાર્યવાહી કરવી જરૂરી હોવાથી નેશનલ ડીઝાસ્ટાર એક્ટલરની કલમ-૩૪ અને ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ની કલમ-૧૪૪ અન્વ?યે વલસાડ જિલ્લાની જાહેર જનતાની સલામતી તથા કોરોના વાઇરસના સંક્રમણ ન ફેલાય તે હેતુસર વલસાડ જિલ્લા મેજિસ્રેમોવટે એક જાહેરનામા દ્વારા કેટલાક પ્રતિબંધાત્માક આદેશો જારી કર્યા છે. જે અનુસાર વલસાડ જિલ્લામાં સામાજિક, શૈક્ષણિક, રમતગમત, મનોરંજન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ધાર્મિક/રાજકીય સમારોહ તથા અન્યન કોન્ગ્રેમગેશનમાં અગાઉના જાહેરનામાં નિયત કરાયેલી ૧૦૦ વ્યરક્તિ ઓની મર્યાદા તા.૧૫/૧૦/૨૦ સુધી યથાવત રહેશે. આ અંગે ૧૫મી ઓક્ટો બર પછીની માર્ગદર્શિકાઓ ગૃહ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવશે. શાળા, કૉલેજો, શૈક્ષણિક અને કોચિંગ સંસ્થાબઓ તા.૧૫/૧૦/૨૦ સુધી બંધ રહેશે. ત્યા૧રબાદ ક્રમશઃ પુનઃ શરૂ કરવા માટે રાજ્યર સરકાર દ્વારા નિર્ણય લેવાશે. જે અંગે શિક્ષણ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા એસ.ઓ.પી.ને અને સ્થાઓનિક પરિસ્થિ૦તિને લક્ષમાં લઇ વિગતવાર સૂચનાઓ બહાર પડાશે. આ ઉપરાંત પાર્ક, ગાર્ડન, ધાર્મિક જગ્યાદઓ, શોપિંગ મોલ સરકારશ્રીના સંબંધિત વિભાગોની ગાઇડલાઇન અનુસાર શરૂ કરી શકાશે. લાયબ્રેરી ૬૦ ટકા અને જી.એસ.આર.ટી.સી., સીટી બસ અને ખાનગી બસ સર્વિસ ૭૫ ટકા કેપીસીટી સાથે, ટુ-વ્હીકલરમાં ૧ ૧, ઓટોરીક્ષામાં એક ડ્રાઇવર અને બે પેસેન્જકર, કાર-ટેક્ષી-કેબ-ખાનગી કારમાં ફેસકવર સાથે એક ડ્રાઇવર અને ત્રણ પેસેન્જ૭ર પરંતુ સીટિંગ કેપીસીટી ૬ કે તેથી વધુ હોય તો એક ડ્રાઇવર અને ચાર પેસેન્જરર સાથે પરિવહન કરી શકાશે. હોટલ અને રેસ્ટોરન્ટર રાત્રે ૧૧-૦૦ કલાક સુધી ખુલ્લી રાખી શકાશે, પરંતુ ટેક અવે ફેસીલીટીને સમયમર્યાદા લાગુ પડશે નહીં. જ્યા રે સીનેમા હોલ, થીએટર્સ અને મલ્ટીપ્લોક્ષ માહિતી અને પ્રસારણ વિભાગની માર્ગદર્શિકા અનુસાર ૫૦ ટકા કેપીસીટી સાથે તેમજ એન્ટલરટેઇન્મોન્ટર પાર્ક અને તેને સમાન જગ્યા ઓ, સ્વીસમિંગ પુલ, બી ટુ બી એકઝીબીશન તા.૧૫મી ઓક્ટોસબર, ૨૦૨૦થી સંબંધિત વિભાગની માર્ગદર્શિકાઓને ધ્યા?ને રાખીને શરૂ કરી શકાશે.સમગ્ર વલસાડ જિલ્લામાં કેન્દ્રિુય ગૃહ મંત્રાલયના વખતો-વખતના હુકમથી આપવામાં આવેલા આદેશો તથા માર્ગદર્શક સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. જાહેર સ્થખળો અને કામકાજના સ્થઆળે તેમજ વાહન ચલાવતી વખતે માસ્કી પહેરી ચહેરો ઢાંકવાનો રહેશે. જાહેર રસ્તુા ઉપર થૂંકવા ઉપર પ્રતિબંધ રહેશે. જેના ભંગ બદલ સરકાર દ્વારા નિયત કરેલા દંડ વસુલ કરાશે. ૬૫ વર્ષથી વધુ ઉમરની વ્યતક્તિપઓ, ગર્ભવતી મહિલાઓ તથા ૧૦ વર્ષથી ઓછી ઉંમરના બાળકોએ ઘરમાં જ રહેવું ફરજિયાત છે. આવશ્ય ક જરૂરિયાતો પૂરી કરવા તેમજ આરોગ્યકના કારણો માટે બહાર જઇ શકશે. સમગ્ર વલસાડ જિલ્લામાં વ્યમક્તિઘઓ/ માલસામાન સહિતની ટ્રકો/ કાર્ગો/ ખાલી ટ્રકોના આંતરરાજ્ય/ આંતરજિલ્લા પરિવહન માટે ઇ-પાસની જરૂર રહેશે નહીં. કોઇપણ વ્યિક્તિ/ સંસ્થો કોરોના વાઇરસ અંગે ખોટી અફવા/ માહિતી કોઇપણ પ્રકારના મીડિયા મારફત ફેલાવશે તે ગુન્હોર ગણાશે અને તેમના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.જો કોઇ મુસાફર જાહેર થયેલા કોરોના વાયરસ પોઝીટીવ વિસ્તાાર/ દેશમાંથી છેલ્લા ૧૪ દિવસમાં મુસાફરી કરીને આવેલા હોય તો તેમણે નજીકની સરકારી હોસ્પિમટલ ખાતે તથા જિલ્લા હેલ્પગલાઇન નંબર ૧૦૪ ઉપર ફરજીયાત જાણકારી આપવાની રહેશે.આરોગ્યણ સેતુ એપનો મહત્તમ ઉપયોગ થાય તે હેતસુર ઉપયોગ કોરોના ચેપના સંભવિત જોખમ માટે સુરક્ષા કવચરૂપી અને ઓફિસ તથા કામના સ્થોળ ઉપર સલામતીની ખાતરી માટે તમામ કર્મચારીઓ પાસે આરોગ્યો સેતુ એપ ઇન્ટોપ લ કરાવી તેની નોકરીદાતાઓએ ખાતરી કરવાની રહેશે. એટલું જ નહીં તબીબી સહાય આપવાની સુવિધા સરળ રીતે થઇ શકે તે હેતુસર એપમાં દરેક વ્યરક્તિ એ તેમના આરોગ્યલની સ્થિબતિને નિયમિતપણે અપડેટ પણ કરવાની રહેશે.આ હુકમ જે વ્યકકિત સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે અન્યય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેવાને લાગુ પડશે નહીં. કોઇપણ વ્ય ક્તિ લોકડાઉનના આ પગલાંનું તથા કોવિડ-૧૯ માટે નેશનલ ડિરેક્ટિવવ્સક મેનેજમેન્ટસનું ઉલ્લંઘન કરશે તેની વિરુદ્ધ ભારતીય ફોજદારી અધિનિયમની કલમ ૧૮૮ તેમજ ડિઝાસ્ટતર મેનેજમેન્ટઅ એક્ટ -૨૦૦૫ની કલમ ૫૧ થી ૬૦ હેઠળની જોગવાઇ મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

# જામનગરમાં હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓને ઘર બેઠા આરોગ્ય સેવાઓ પહોંચાડતા મહાનગરપાલિકાના આરોગ્યકર્મીઓ





કમલમ દૈનિક, જામનગર

હાલ જામનગર ખાતે વધી રહેલા કોરોના સંક્રમણ સામે લોકોના સાજા થવાની સંખ્યામાં પણ સતત વધારો થઈ રહ્યો છે. વળી મહત્તમ દર્દીઓ હાલ માઈલ્ડ અથવા એસિમ્ટોમેટીક જણાતા હોમ આઈસોલેશનનો વધારે સ્વીકાર કરી રહ્યા છે. જામનગરમાં હાલ સુધીમાં ૬૦૦થી વધુ દર્દીઓએ હોમ આઈસોલેશનની સેવાઓ પ્રાપ્ય કરી છે. હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓને પણ ઘરબેઠા રોજિંદા આરોગ્ય ચકાસણી કરી દવા અને જો આવશ્યક જણાય તો વધુ સારવાર હેતુ તાત્કાલિક હોસ્પિટલ રિફર કરી શકાય તે માટે જામનગર મહાનગરપાલિકાની આરોગ્યની ટીમ દ્વારા શહેર વિસ્તારના હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓને રોજિંદા તેમના ઘરે જઈ આરોગ્ય તપાસ કરવામાં આવી રહી છે. દર્દીઓને ઘરે બેઠા આરોગ્યની સંતોષકારક સુવિધાઓ પ્રાપ્ય કરાવવામાં આવી રહી છે. જામનગર ગોકુલનગર વિસ્તારના રહીશ રામભાઈ ઓડેદરાનો ૯ સપ્ટેમ્બરના રોજ કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા તેમની વધુ ચકાસણી કરવામાં આવી હતી. માઈલ્ડ સિમ્ટ્મ્સ જણાતા તેઓ હોમ આઈસોલેટ થયાં હતા. રામભાઈ કહે છે કે, આ દિવસો દરમ્યાન મહાનગરપાલિકાની આરોગ્ય શાખા દ્વારા મારી સઘન સારવાર કરવામાં આવી. ડોક્ટર તલસાણીયા અને તેમની ટીમ દ્વારા સતત માર્ગદર્શન આપવામાં આવી રહ્યું હતું. દવા અને સારવારલક્ષી સતત સારૂ માર્ગદર્શન મળવાથી હાલ હવે રિપોર્ટ કરાતા મારો રિપોર્ટ નેગેટિવ આવેલ છે. આ સંપૂર્ણ સમય દરમ્યાન આરોગ્ય શાખા દ્વારા મને ખૂબ સારી સારવાર આપવામાં આવી છે. મેં ક્યારેય વિચાર્યું નહોતું કે, સરકાર તરફથી પણ આટલી સારી સારવાર અને સારો રિસ્પોન્સ મળી શકે છે, ત્યારે જામનગરના અન્ય નાગરિકોને પણ એટલું જ કહેવાનું કે ખોટી અફવાઓમાં ભરમાવુ જોઈએ નહીં, કોઈ ડર રાખવો જોઈએ નહીં. સરકારની ગાઈડ લાઈનને લોકોએ અનુસરવી જોઈએ.સરકાર દ્વારા લોકોને ખૂબ મદદ કરવામાં આવી રહી છે. આરોગ્ય શાખા દ્વારા સતત લોકોની સેવા કરવામાં આવી રહી છે ત્યારે આપણે પણ જો કોઈપણ પ્રકારના સિમ્ટમ્સ દેખાય તો તરત જ આરોગ્ય શાખાનો સંપર્ક કરી તુરત સારવાર મેળવવી જોઈએ અને આ સંક્રમણને ફેલાતા રોકવા માટે સરકારના પ્રયત્નોને મદદ કરવી જોઈએ. તો હોમ આઈસોલેશનમાં રહેલા આશાબેન નકુમ કહે છે કે, મને કોરોના પોઝિટિવ આવતા હું હોમ આઈસોલેટ થઈ હતી. આ દિવસો દરમ્યાન દરરોજ સવારે ડોક્ટર દ્વારા ચેકઅપ કરવામાં આવતું હતું અને આ ઉપરાંત પણ કોઈપણ તકલીફ જણાય તો ડોક્ટર દ્વારા ફોન પર પણ તાત્કાલિક જવાબ આપી કન્સલ્ટેશન આપવામાં આવતું હતું.

આવશ્યક દવાઓ પણ પણ તાત્કાલિક રૂબરૂ આપવામાં આવતી હતી. આ ઉપરાંત હેલ્પલાઈન દ્વારા દિવસમાં બેથી ત્રણ વખત હેલ્પલાઈન દ્વારા આરોગ્ય વિશે ફોન કોલ કરી સતત ફોલોઅપ લેવામાં આવતું હતું. આ સાથે જ ઘણીવાર તકલીફ થતાં ફોન કરીને પૃચ્છા કરતા તો તે માટે પણ સંતોષકારક જવાબ ડોકટર દ્વારા આપવામાં આવતા હતા. આરોગ્ય શાખા દ્વારા આ દરમિયાન અમને ખૂબ સારો સહકાર આપવામાં આવ્યો છે. હોમ આઈસોલેશનમાં રહેલ અનેક દર્દીઓનું જામનગર મહાનગરપાલિકાની આરોગ્યની ટીમ દ્વારા ઘરે-ઘરે જઈને સતત ચકાસણી અને હેલ્પલાઈન દ્વારા પણ ફોલોઅપ લેવામાં આવી રહ્યું છે. ત્યારે સાજા થયેલા દર્દીઓ આ સેવાઓ સામે સંતોષ દર્શાવી અન્ય લોકોને પણ ડરથી દુર રહી અને ટેસ્ટ કરાવી કોરોનાથી મુક્ત થવા માટે અપીલ કરી રહયા છે.



કમલમ દૈનિક,

કચ્છ જિલ્લા ના નવનિયુક્ત ડી.ડી.ઓ શ્રી ભવ્ય વર્માજી નું પુષ્પગુચ્છ થી સ્વાગત કરી શુભેચ્છા મુલાકાત લેતા શ્રી કીર્તિભાઈ ગોર.

# મુખ્યમંત્રી ઉત્કર્ષ યોજનાની જાણકારી માટે પોરબંદર જિલ્લા ગ્રામહાટ ખાતે કેમ્પ યોજાયો







કમલમ દૈનિક, પોરબંદર

મુખ્યમંત્રી ઉત્કર્ષ યોજના હેઠળ ૧૦ મહિલાઓના બનેલા જુથને રૂા.૧ લાખ વ્યાજ મૂક્ત લોન મળી શકે છે. પોરબંદર ચોપાટી ગ્રાઉન્ડ પાસે આવેલા ગ્રામહાટ ખાતે પોરબંદર જિલ્લા વિકાસ અધિકારીની ઉપસ્થિતિમાં કેમ્પ યોજાયો હતો. જેમાં જુદી જુદી બેંકના પ્રતિનિધિ તથા સખી મંડળના બહેનો ઉપસ્થિત રહ્યા હતા. આ કેમ્પમાં જિલ્લા વિકાસ અધિકારી વી. કે. અડવાણી તથા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એસ. ડી. ધાનાણીએ અપીલ કરી હતી કે ૧૦ બહેનોનું ગ્રુપ/ મંડળ બનાવીને સરકારની આ યોજનાનો વધુ ને વધુ લાભ લઈને આત્મનિર્ભર બને. સરકાર એક ગ્રુપના રૂ. એક લાખની લોન વગર વ્યાજે આપે છે, જે રકમ દર મહિને હપ્તા ભરીને ચૂકવવાની રહેશે. આ લોનની રકમ કાચો માલ, મટીરીયલ સહિતની વેચાણ માટે ખરીદવામાં આવતા માલની ખરીદી માટે ઉપયોગી બનશે. બહેનોને ચીજ વસ્તુઓના વેચાણ માટે જગ્યા પણ ફાળવવામાં આવશે. કેમ્પમા બહોળી સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહ્યા હતા. તમામે સામાજિક અંતર રાખી માસ્ક પહેર્યું હતું. તથા કેમ્પમાં ઉપસ્થિત તમામનું હેલ્થ સ્ક્રીનીંગ જિલ્લા આરોગ્યની ટીમ દ્વારા કરાયું હતું.

# જન્મદિન નિમિતે આવો કોઈની મદદ કરીએ ( વીર પ્રતાપ ફાઉન્ડેશન ) દ્વારા સાબરકાંઠા - અરવલ્લી ના વિવિધ સ્થળે ગૌમાતા ને ઘાસ - ચારા ની સગવડ કરવામાં આવી,





કમલમ દૈનિક, અરવલ્લી

આવો કોઈની મદદ કરીએ ગ્રુપ ના સ્થાપક ભૃગુવેન્દ્ર સિંહ કુંપાવત દ્વારા વર્ષો થી જેમની પરિસ્થિતિ ખરાબ હોય એવા પરિવારોની મદદ અને અબોલ પશુ પક્ષીઓ ની સેવા કરવામાં આવે છે. આજ કાલ જન્મદિન ની ઉજવણી માં લાખો રૂપિયાનો બગાડ કરવામાં આવતો હોય છે, જ્યારે વીર પ્રતાપ ફાઉન્ડેશન દ્વારા જન્મદિન નિમિતે ગરીબ વિદ્યાર્થીઓ ને અભ્યાસ મદદ તથા અબોલ જીવ માટે સેવા કરવામાં આવે છે, હસરડોઈ ગામ ના રાજપાલસિંહ રહેવર ના જન્મદિન નિમિતે સાબરકાંઠા અને અરવલ્લી ના વિવિધ સ્થળે ગૌમાતા ને ગાસ ચારા ની સુવિધા કરવામાં આવી,

# દાસ્તાં એ કચ્છી.... ટાઈટેનિક



બંદરિય નગરી માંડવી ના બંદર ની આ વાત છે દરિયાઈ માર્ગે માંડવી બંદર થી દ્વારકા,પોરબંદર,નવલખી અને મુંબઇ અવરજવર કરાતી ૮ નવેમ્બર ૧૮૮૮ ની સવારના સાડા સાત વાગે વૈતરણા નામ નો જહાજ ૭૪૬ જેટલા મુસાફરો અને કર્મચારીઓ ને લઈ મુંબઈ તરફ રવાના થાય છે.તે સમયે મેટ્રિક ની પરીક્ષા મુંબઈમાં ડિસેમ્બર માં લેવાતી તેથી આ મુસાફરો માં કેટલાક વિદ્યાર્થી ઓની સાથે તેર વરરાજા,જાનૈયા ઓ ,વેપારીઓ અને અનેક બાળકો મુસાફરી કરી રહ્યા હતા વૈત્રરણા નામ થી રજીસ્ટર્ડ થયેલું આ જહાજ ત્રણ વર્ષે જૂનું હતું તે જહાજ પર ઇલેક્ટ્રિક લાઇટો જડી હોવાને કારણે એ ‘વીજળીલ્ન ના નામથી મુસાફરો માં વધારે પ્રખ્યાત હતું. ઈંગ્લેડ ની બનાવટ તેનું રજિસ્ટ્રેશન પણ લંડનમાં થયેલું. વીજળીલ્નના કપ્તાન કાસમ ઈબ્રાહિમ. આ ઉપરાંત એક હાજી કાસમ નૂરમોહમ્મદ પણ હતા, આ જહાજ ના મુસાફરો મુંબઈ પહોંચવાની મીટ માંડી ૩૦ કલાક ની મુસાફરી અને મુંબઈ શહેર પહોચવાની આશ સાથે મુસાફરી શરૂ થઈમુંબઈ પહોંચતા પહેલાં ‘વીજળીલ્ન દ્વારકા પહોંચે છે. અહીંથી થોડા મુસાફરોની ઉત્તર-ચડ થાય છે. પછી પોરબંદર પહોંચવાની અહીંથી લગભગ સો મુસાફરો ચડવાના છે, પણ તે દિવસે દરિયો તોફાની હતો,તેથી પોરબંદરના બંદરમાં લાંગરવાને બદલે ‘વીજળીલ્ન સિગ્નલ આપી મુંબઈ તરફ આગળ વધી જાય છે. તે વખતે સાંજના સાડા પાંચ થયા છે. રાત્રે એક વાગ્યે ‘વીજળીલ્ન માંગરોળ પાસેથી પસાર થાય છે. તે પછી સંભવતઃ માધવપુર (ઘેડ) પાસે પણ અમુક લોકો દૂરથી ‘વીજળીને દરિયામાં જતી જુએ છે. બસ. ‘વીજળીની આ અંતિમ ઝલક. મધદરિયે ભયાનક ચક્રવર્તી તોફાન ઊઠે છે અને ‘વીજળી દરિયાના પેટાળમાં ગરકાવ થઈ જાય છે. ‘વીજળી માત્ર ડૂબતી નથી, તે સંપૂર્ણપણે અદશ્ય થઈ જાય છે. નથી એના ભંગારનો એક અંશ જડતો નથી એના પર સવાર થયેલા એક



કમલમ દૈનિક,
રીપોર્ટ -
અજય ખત્રી - કચ્છ

પણ મનુષ્યજીવનો દેહ મળતો નથી ‘વીજળી એક વિરાટ પ્રશ્નચિહ્ન, એક કરુણાંતિકા, એક રહસ્ય બનીને રહી જાય છે. વાય.એમ. ચીતલવાલાએ ભારે જહેમત ઉઠાવીને ‘વીજળી હાજી કાસમની નામનું મહત્ત્વનું પુસ્તક લખ્યું છે. આ સિલસિલાબંધ પુસ્તકમાં તેઓ ‘વીજળીલ્નને યોગ્ય રીતે ‘ટાઇટેનિકલ્ન સાથે સરખાવે છે. વાય. એમ. ચીતલવાલાનું નિરીક્ષણ કહે છે કે વિખ્યાત સાહિત્યકાર ગુણવંતરાય આચાર્યે ૧૯૫૪માં ‘હાજી કાસમ તારી વીજળી ડૂબીલ્ન નામની નવલકથા લખીને શ્રેષ્ઠ કામ કર્યું છે, પણ આ કથામાં ઐતિહાસિક તથ્યો કરતાં કલ્પનાને વધારે પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. ‘વીજળીલ્ન ડૂબી પછી ટૂંક સમયમાં જામનગરના કવિ દુર્લભરાય વિ. શ્યામજી ધ્રુવે ‘વીજળી વિલાપલ્ન નામનો કાવ્યસંગ્રહ પ્રગટ કર્યો. તે પછી ભીખારામ સવજી જોશીએ એ જ શીર્ષક હેઠળ વિલાપિકાની રચના કરી. આમ વીજળી માટે અનેકો દંત કથાઓ એ જન્મ લીધું જેમાં દુર્ઘટના ઘટી પછી વર્ષો સુધી સૌરાષ્ટ્રના દરિયામાં ક્યારેક ‘વીજળીનું ભૂત એટલે કે ઘોસ્ટ શિપ દેખાતું રહ્યું હોવાની પણ વાયકા છે.આ કરુણ ઘટના આપણે કલ્પના કરીયે ત્યારે રુવાડા ઉભા થઇ જતાં હોય છે. ૭૪૬ જેટલા લોકો ની જળ સમાધી જેમાં બાળકો અને સ્ત્રીઓ પણ હતી. એવું કહેવાય છે મિસ્ટર લેલી એટલે પોરબંદરના તે સમયના અંગ્રેજ એડમિનિસ્ટ્રેટર, જેમણે વીજળી ને પાછી વાળવાનું ફરમાન કર્યું હતું. જોકે કપ્તાનને ખરેખર આવો કોઈ આદેશ મળ્યો હોવાનો પુરાવો સાંપડયો નથી.પણ જો આવું થયું હોત તો વીજળી પાછી માંડવી બંદરે પહોંચી હોત. દરિયો પોતાના પેટાળ માં કહી રાખતો નથી એ બારે ફેંકે છે તો પણ વીજળી નો કોઈ અવશેષ કેમ હજુ સુધી ન મળ્યું આટલી મોટી દુઃખદ ઘટના બની તો અમુક સાહિત્યઓ માંજ કેમ સીમિત રહી ગઈ એવા હજારો પ્રશ્નો ઉભા થાય છે હાજી કાસમની વીજળી વેરણ થઈ પણ આજ સુધી તેના અવશેષનો એક અંશ સુધ્ધાં કેમ મળ્યો નથી તે ખરું રહસ્ય છે. અને વીજળી એ એક દુઃખદ યાદ બની રહી ગઈ છે.....

# ગુજરાત રાજયમાં વિધાનસભાની ૮ ખાલી પડેલી બેઠક પર પેટા ચૂંટણીની જાહેરાત કરી દેવાઈ છે, ત્યારે ડાંગ જિલ્લામાં ૧૭૩ વિધાનસભા ચૂંટણીમાં ભાજપે ઉમેદવાર તરીકે વિજયભાઈ પટેલ પસંદગી કરતા કાર્યકરોમાં ખુશીની લાગણી ફેલાઈ જવા પામી છે

કમલમ દૈનિક,

રિપોર્ટ - પટેલ હિતાર્થ, વઘઈ

પ્રાપ્ત થતી માહિતી મુજબ ૧૭૩ ડાંગ વિધાનસભા પેટા ચૂંટણી માં ભાજપ મોવડી મંડળે કોંગ્રેસી નેતાઓને ભગવો ખેસ પહેરાવી ભાજપ તરફી માહોલ બનાવી જુના જોગી એવા વિજયભાઈ પટેલની પસંદગી કરવામાં આવતા કાર્યકરો સહિત ડાંગના આગેવાનોમાં ખુશી છવાઈ જવા પામી છે.ડાંગ જિલ્લા ૧૭૩ વિધાનસભા ની રૂપરેખા પર નજર નાંખીએ તો ડાંગ જિલ્લાના કુલમતદારો : ૧૬૪૬૦૬ છે.

મહિલા મતદારો : ૮૨૫૯૯

પુરુષ મતદારો : ૮૨૦૦૭

૯૫ ટકા આદિવાસી વસ્તી ધરાવતા ડાંગ જીલ્લામાં વિધાનસભાની ૧ બેઠક છે , ૧૭૩ વિધાનસભામાં અહિયાં વર્ષોથી કોંગ્રેસ નું પ્રભુત્વ રહ્યું છે , ૨૦૦૭માં એક વાર ડાંગની જનતાએ ભાજપ ના નેતા તરીકે વિજય પટેલને વિજેતા બનાવ્યા હતા. વિધાનસભા ચૂંટણી ઉપર નજર કરીએતો , વર્ષોથી કોંગ્રેસનું પ્રભુત્વ રહેલું છે, ૨૦૦૭ માં ભાજપ ના વિજય પટેલે સૌપ્રથમ વાર કોંગ્રેસના માધુભાઈ ભોયે સામે ૭૮૮૩ મતથી જીત મેળવી હતી. ૨૦૧૨ માં કોંગ્રેસ નાં મંગળ ગાવિત ને ૪૫૬૩૭ જ્યારે ભાજપના વિજય પટેલ ને ૪૩૨૧૫ મત મળતા – કોંગ્રેસના મંગળ ગાવિત ૨,૪૨૨ મતોથી જીત નોધાવી હતી . ૨૦૧૭ માં ફરી એકવાર મંગળ ગાવીત, અને વિજય પટેલ વચ્ચે ચૂંટણીનો જંગ ખેલાયો હતો, જેમાં ૭૬૮ મતો ની પાતળી સરસાઈથી ભાજપ ના વિજય પટેલ ને હરાવી મંગળ ગાવીતે પોતાની બેઠક જાળવી રાખી હતી. ઉલ્લેખનીય છે કે ડાંગમાં લોકો પોતાના પ્રશ્નોને વાચા આપે તેવા શિક્ષિત ઉમેદવારો ને પસંદ કરે છે, વેપારી મંડળ , વકીલ મંડળ તેમજ યુવાનો ડાંગ ની સમસ્યાઓ ઉકેલાય તેવી આવનારા ધારસભ્ય પાસે આશા રાખી રહ્યા છે. જોકે છેલ્લા એક દાયકા થી ડાંગ જિલ્લામાં ભાજપે આરોગ્ય, પાણી, વીજળી, રસ્તા,જેવા પાયાની સુવિધાઓ સહિત ખેડૂત,સખી મંડળ,પશુપાલન, સિંચાઇ,ખેતી ક્ષેત્રોમાં હરણફાળ ભરતા આદિવાસીઓમાં ઊંડી લાગણી બાંધવા સફળ રહ્યા છે.૧૭૩ વિધાનસભા સભાની પેટા ચૂંટણીના પડઘમ વચ્ચે આદિજાતિ વન અને બાલ કલ્યાણ કેબિનેટ મંત્રી ગણપતસિંહ વસાવાની અધ્યક્ષતામાં ચૂંટણી ઈન્ચાર્જ પૂર્ણેશ મોદી,સંગઠન પ્રભારી અશોકભાઈ ધોરજીયા ની ઝંઝાવાતી સભાઓ સાથે ડાંગ જિલ્લાના વન વિભાગ હસ્તકના માર્ગો નું ખાતમુહૂર્ત અને કોંગ્રેસ ના તાલુકા જિલ્લાના નેતાઓ સહિત સરપંચો,કાર્યકરોને સાગમટે ભગવો ખેસ પહેરાવવા સફળ રહેતા કોંગ્રેસી ગઢ માં ગાબડું પાડી ભાજપ તરફી સમીકરણો બદલવા મહત્વની ભૂમિકા ભજવી હોવાની રાજકીય પંડિતો માની રહ્યા છે

જાતિ નું સમીકરણ -

હિન્દૂ કોકણી, હિન્દૂ વારલી, હિન્દૂ ભીલ આ ત્રણ સમાજ ભેગી મળી ૯૭% મતદારો ટ્રાયબલ (આદિવાસી )છે. જેમાંથી ૩૦ ટકા આદિવાસીઓ ખ્રિસ્તીધર્મ અપનાવ્યો છે

જ્યારે ૩% જેટલા મતદારો અન્ય સમાજ ના છે. ડાંગમાં ૧ આહવા જીલ્લા પંચાયત જે માં છેલ્લી ૨ ટર્મ થી ભાજપ નું સાશન છે , કુલ ૧૮ સભ્યો જેમાં ૯ કોંગ્રેસ ૯ ભાજપ ના , જોડતોડમાં ભાજપ સફળ રહેતા પ્રમુખ ભાજપના છે. જિલ્લામાં ત્રણ તાલુકા પંચાયત છે જેમાંથી ૨ ભાજપ અને ૧ ઉપર કોંગ્રેસ. ઉલખેનિય છે રાજ્યસભાની ચૂંટણીમાં મંગળ ગાવીતે બળવો કરી ધારાસભ્ય પદેથી રાજીનામુ આપતા કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષે



પાર્ટીમાંથી સસ્પેન્ડ કરી દીધા હતા.હાલ તેઓની ભાજપ કોગ્રેસમાંથી બાદબાકી થતા ન ઘરના ન ઘાટ ના જેવો ઘાટ ઘડાયોછે.તેવામાં ભાજપ કેબિનેટ મંત્રી ગણપતસિંહ વસાવા,ધારાસભ્ય પુરણેશભાઈ મોદી,સાંસદ કે.સી.પટેલ,સંગઠન વિસ્તારક અશોકભાઈ ધોરજીયા સહિત ડાંગ ભાજપ આગેવાનો,કાર્યકરોએ ચૂંટણીમાં ભાજપ તરફી માહોલ નિર્માણ કરતા ભાજપ ઉમેદવાર વિજયભાઈ પટેલની જીત નિશ્ચિત મનાય રહી છે.

# ટીટોઈ નિવૃત્ત આર્મી જવાન “વેતન નહીં વતન માટે” : ૬૦ થી વધુ યુવકોને માં ભોમની રક્ષા કરવા માટે લશ્કરી તાલીમ આપી રહ્યો છે






કમલમ દૈનિક, અરવલ્લી

અરવલ્લી જીલ્લાના અનેક યુવકો દેશની સુરક્ષા માટે વિવિધ દળમાં જોડાઈ માં ભોમની રક્ષા કરી રહ્યા છે કેટલાક જવાનો દેશની સુરક્ષા કરતા શહીદી વ્હોરી છે હજુ પણ લશ્કરમાં ભરતી થવાનો જુસ્સો યથાવત છે મોડાસા તાલુકના ટીંટોઈ ગામના સીઆઈએસએફ માં ૩૯ વર્ષ દેશની રક્ષા કરી નિવૃત્ત થયેલા ખેમાભાઈ અંબાભાઈ મોરી "વેતન માટે નહિ વતન" માટે નિઃશુલ્ક યુવાનોને આર્મીમાં જવા માટે શારીરિક માનસિક રીતે તૈયાર કરવાનું અનોખુ અભિયાન ચલાવાઈ રહ્યા છે ટીંટોઈ ગામના ગૌચરને મેદાનમાં ફેરવી દઈ તાલીમ આપી રહ્યા છે લશ્કરમાં ભરતી થવા માટે ટીંટોઈ સહીત આજુબાજુ વિસ્તારના મોટી સંખ્યામાં યુવાનો જોડાઈ રહ્યા છે નિવૃત્ત આર્મી જવાનની પહેલને યુવાનો સહીત સમગ્ર પંથકમાં સરાહના થઈ રહી છે ટીંટોઈ ગામમાંથી ૧૦ થી વધુ યુવાનો હાલ આર્મીમાં ફરજ બજાવી રહ્યા છે. ટીંટોઈ ગામના ખેમાભાઈ અંબાભાઈ મોરી સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીલ સિક્યુરિટી ફોર્સ (અર્ધ લશ્કરી દળ)માં ૩૯ વર્ષ સુધી દેશની રક્ષા કરી ૫ મહિના અગાઉ વયનિવૃત્ત થયા હતા નિવૃત્તિ લીધા બાદ અન્ય યુવાનો પણ દેશ માટે કંઈક કરી શકે તેવા ઉદ્દેશ સાથે ગામના ગૌચરને લશ્કરી ટ્રેનિંગ સેન્ટરની જેમ ફેરવી દઈ સ્થાનિક અને આજુબાજુના વિસ્તારના યુવાનોને આર્મીમાં જોડાવા માનસિક અને શારીરિક રીતે તૈયાર કરવા નિઃશુલ્ક તાલીમ કેમ્પ શરૂ કર્યો છે. જ્યાં તેઓ યુવાનોને આર્મી જેવી જ કઠોર તાલીમ આપી યુવાનોને સક્ષમ બનાવી રહ્યા છે ખેમા ભાઈ મોરીકહે છે કે, હું વેતન માટે નહીં પરંતુ, વતન માટે કામ રહ્યો છું. અને દેશ માટેનું મારૂ ઋણ અદા કરી રહ્યો છું. નિવૃત આર્મી જવાનના નિઃશુલ્ક તાલીમ કેમ્પમાં વહેલી સવારે ૬૦ થી ૭૦ યુવાનો તાલીમ લઈ રહ્યા છે જેમાં યુવાનોને ફિઝિકલ ફિટનેશ માટે ૧૬૦૦ મીટર રનીંગ, ૧૦૦ મીટર ફાસ્ટ ટ્રેક દોડ,અને યોગ થકી શારીરિક મજબૂતી જળવાઈ રહે તે માટે યોગ ક્લાસ લેવામાં આવે છે.આ તાલીમ જરૂરિયાતમંદ અને ગરીબ પરિવારના યુવાનો માટે માર્ગદર્શક બની રહી છે નિવૃત્ત જવાનની આ પ્રવૃત્તિથી વિસ્તારના લોકો કે જે સંતાનોને શીક્ષક સહીત સરકારી નોકરી સ્વરૂપમાં જોવા ટેવાયેલા હતા તેઓ પણ હવે આર્મી ભણી નજર દોડાવી રહ્યા છે. સતત આતંકવાદી હુમલા થઈ રહ્યા છે ત્યારે યુવાનોમાં લશ્કરમાં જોડાવાનો જોશ જોવા મળી રહ્યો છે.

### બહાર જવાને બદલે ઘરે જ પરિવાર સાથે તહેવારની ઉજવણી હિતાવહ રહેશે

## ઠંડીમાં વકરી શકે છે કોરોના સંક્રમણના કેસઃ ડો. હર્ષવર્ધન



કમલમ દૈનિક, ન્યુ દિલ્હી,

દેશમાં વધી ચિંતાજનક રીતે વધી રહેલા કોરોના સંક્રમણના કેસ વચ્ચે આવેલા એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે, ઠંડા વાતાવરણમાં કોરોના સંક્રમણના કેસોમાં વધારો જોવા મળે શકે છે. જેને લઈને કેન્દ્રીય સ્વાસ્થ મંત્રી ડો. હર્ષવર્ધનને પણ ચિંતામાં વધારો કરતા સંકેત આપ્પા છે.

રવિવારે યોજાયેલા એક સોશિયલ મીડિયા ઈન્ટરએક્શન કાર્યક્રમમાં સ્વાસ્થમંત્રીએ કહ્યુ કે, જીછઇજી Cov 2 એક રેસ્પિરેટ્રી વાયરસ છે અને આવા વાયરસ ઠંડા વાતાવરણમાં વધી શકે છે. તેમણે યુરોપીયન દેશોનો દાખલો આપતાં જણાવ્યું કે, બ્રિટન એવો દેશ છે જ્યાં ઠંડા વાતાવરણમાં કોરોના સંક્રમણના કેસોમાં વધારો નોંધાયો હતો. આ મુદ્દે તેમણે ચેતવણી પણ આપી હતી કે, તહેવારો દરમિયાન બેદરકારી રાખતો તો કોરોના સંક્રમણ વિકરાળ રુપ ધારણ કરી શકે છે. આથી જ તહેવારોના દિવસોમાં સોશિયલ ડિસ્ટેન્સિંગ નિયમોનુ પાલન ખૂબ જ જરુરી નિવડશે. બહાર જવાને બદલે પરિવાર સાથે જ તહેવારની ઉજવણી કરવી હિતાવહ રહેશે.

આ દરમિયાન તેમણે આશા વ્યક્ત કરી હતી કે, આવતા વર્ષના જૂલાઈ મહિના સુધી વેક્સીન આવી શકે છે.

## રીલાયન્શ ફાઉન્ડેશન રાધનપુર દ્વારા ફુલપુરા ગામે સ્વ સહાય જુથના બહેનો માટે તાલીમ યોજાઈ





કમલમ દૈનિક,

તા. ૧૦ ઓક્ટોબર ૨૦૨૦ના રોજ રીલાયન્શ ફાઉન્ડેશન રાધનપુર દ્વારા સ્વ સહાય જુથના બહેનો માટે મૂલ્યો આધારીત આગેવાની અને આર્થિક સક્ષમતા પર તાલીમ યોજાઈ. આ તાલીમની શરૂઆત પ્રાર્થનાથી કરી અને પરીચય લેવામા આવ્યો. ત્યાર બાદ ગામના આગેવાન કોને કહેવાય અને આગેવાનના લક્ષણો કેવા હોય તેના પર જુથ ચર્ચા કરીને જુથ પ્રમાણે રજુઆત કરવામાં આવી બધા જુથોની રજૂઆત પરથી નીચે મુજબના તારણો નીકળ્યા હતા.૧ આગેવાન પ્રામાણિક હોવો જોઈએ.૨. વહીવટ પારદર્શક તેવો આગેવાન હોવો જોઈએ .૩. નિષ્ઠાવાન હોવો જોઈએ. ૪. નાત-જાતનો ભેદભાવ ના રાખે ૫. મહિલોના હિતોની રક્ષા કરે ૬. સરકારી યોજનાનુ અમલીકરણ કરાવે. ૭. સંગઠન અને સહકારથી ગામનો વિકાસ કરે ૮. નિસ્વાર્થ ભાવે અને નિડરતાથી કામ કરે તેવો અન્યાય અને અત્યાચાર સામે લડી શકે વગેરે મુદા પર સમજ મેળવી હતી. તાલીમમા ગ્રામ સ્તરે શરૂ કરી શકાય તેવા ગ્રુહ ઉધ્ધોગની ફ્લેક્ષ બેનરથી માહિતી આપી હતી. આ તાલીમમા ફુલપુરા ગામના ૧૦ સ્વ સહાય જુથના ૪૦ બહેનોએ ભાગ લીધો હતો તાલીમાર્થીઓએ પોતાના મંડળનું આયોજન કરી વિવિધ વિભાગો સાથે સંકલન કરીને સરકારી યોજનાનુ અમલીકરણ બાબતે આગેવાની લેશુ અને ગ્રામ સ્તરે લઘુ ઉધ્ધોગની શરૂઆત કરવાનુ નક્કી કરી તાલીમની પૂર્ણાહુતી કરી હતી.

## ધરમપુર ખાતે વન્ય પ્રાણી સપ્તાનહ-૨૦૨૦ ની ઉજવણીનું સમાપન કરાયું




કમલમ દૈનિક, વલસાડ

વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં વન્ય પ્રાણી સપ્તા હ ઉજવણીના સમાપનનો કાર્યક્રમ કોવિદ-૧૯ની માર્ગદર્શિકાના પાલન સાથે જિલ્લા વિજ્ઞાન કેન્દ્રઝ ધરમપુર ખાતે યોજાયો હતો. જિલ્લા વિજ્ઞાન કેન્દ્રજ રાષ્ટ્રીય વિજ્ઞાન સંગ્રહાલય પરિષદ સંસ્કૃરતિ મંત્રાલય અને રેન્જ્ ફોરેસ્ટ્ ઓફિસ, ધરમપુર ના સંયુક્તિ ઉપક્રમે તારીખ વિવિધ કાર્યક્રમો અને ઓનલાઈન સ્પાર્ધાઓનું આયોજન કરવામાં આવ્યુંત હતું.

જેમાં વન્યસ પ્રાણી વિષે ઓનલાઈન પ્રશ્નોત્તરી સ્પર્ધા, ચિત્રકામ સ્પ ર્ધા, પોસ્ટઓર પેંટિંગ કોંટેસ્ટત, રિસાયકલ એટ હોમ એન્ડદ સેવ ધ એન્વાયયરમેન્ટત, સેલ્ફીસ વિથ મેડીસીનલ પ્લા ન્ટ , વેબીનાર ઓન પ્રોટેક્ટર વાઈલ્ડપ લાઈફ એન્ડ્ પીસફૂલ કોએક્સિસસ્ટ્ન્સર વિથ લેપર્ડ, તથા સર્પ ની ઓળખ અને તેના વિષે સમજૂતી જેવા કાર્યક્રમોનો સમાવેશ કરાયો હતો. જેમાં માલનપાડા, રાજપૂરી તલાટ અને જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર ધરમપુર ખાતે ગુજરાતમાં જોવા મળતા ઝેરી અને બિનઝેરી સાપોના પોસ્ટાર દ્વારા ઓળખ અને ખાસ કરીને નાગ, ખડચિતરો, ફોડચિ, કાળોતરો, જેવા ઝેરી સાપો તેમાં રહેલ ઝેરના પ્રકાર, તેના કરડવાથી લેવાની પ્રાથમિક સારવાર જેવી બાબતો ગ્રામજનોને સમજાવવી, સાપોને લગતી અંધશ્રધ્ધો વિષે વિસ્તૃઝત સમજણ વાઈલ્ડ્ લાઈફ વેલ્ફેર ફાઉન્ડેવશન નવસારીના સ્વોયંસેવકો, વિપુલ પટેલ અને ટીમે આપી હતી. રેન્જત ફોરેસ્ટ ઓફિસ ધરમપુરના શક્તિમભાઈ અને હિરેન ભાઈ એ દીપડાથી બચવાના ઉપાયો જણાવી સાપો અને દીપડા તો ખેડૂત ના મિત્રો છે, તેઓ પાક નું રક્ષણ કરે છે તેથી માણસે તેમની સાથે સંઘર્ષ ટાળવા અનુરોધ કર્યો હતો.

જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર ધરમપુરના એજ્યુતકેશન ઓફિસર પ્રજ્ઞેશ રાઠોડે જણાવ્યું હતું કે, પૃથ્વીુ ઉપર સંતુલન જળવાઈ રહે તે જંગલ તેમજ આહાર શૃંખલામાં દરેક વન્યએ જીવનું મહત્ત્વ છે. જિલ્લા વિજ્ઞાન અધિકારી ઈકબાલ ઢાલાઈતે સાપની શિકાર કરવાની પદ્ધતિ વિષે વૈજ્ઞાનિક સમજણ આપી હતી. કે બી એસ કોલેજ વાપીના ઝૂલોજી પ્રૉફેસર ડૉ. ક્રિષ્ના રાજપૂતે પ્રોટેક્ટપ વાઈલ્ડઝ લાઈફ એન્ડદ પીસફૂલ કોએક્સિ,સ્ટ ન્સી વિથ લેપર્ડ વિષય પરના વેબીનારમાં શિક્ષકો અને વન્ય પ્રેમીઓ સાથે દીપડાની રહેણીકરણી વિશે જાણકારી આપી હતી, અને પશ્નોલનાં જવાબો પણ આપ્યાપ હતા. વન્યય પ્રાણી સપ્તાદહ અંતર્ગત વિવિધ કાર્યક્રમોમાં ભાગ લેનારાઓને પ્રમાણપત્રો આપવામાં આવ?યા હતા.

## માનસિક બીમારીથી દૂર રહી તંદુરસ્ત સમાજ અને અર્થતંત્રના વિકાસમાં સિંહફાળો આપી શકશે : અનિલ કક્કડ



કમલમ દૈનિક,

વિશ્વ આરોગ્ય સંસ્થા તેમજ વિશ્વ માનસિક સ્વાસ્થ્ય સંઘના સંયુક્ત ઉપક્રમે ૧૯૯૨થી દરવર્ષે ૧૦-ઓક્ટોબરના દિવસને “ વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ “ તરીકે ઉજવવામાં આવે છે. મગજ અને માનસિક રોગોને લગતી સમસ્યાઓ અને વધતા જતા કેસો ને ધ્યાનમા લઈ જનજાગૃતીના કાર્યક્રમ તરીકે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગર (ઢ્ન્જીઇ૭) દ્વારા તારીખ ૧૦-૧૦-૨૦૨૦ યોજાયેલ વેબ સેમીનાર સફળતા પૂર્વક સંપન્ન થયેલ છે. સેમીનાર ના મુખ્ય વક્તાઓ તરીકે ડૉ. ચિંતન સોલંકી, સ.ઢ. (જઅષ્ઠરૈર્દ્રૈજિં) ,ઁન્ફ ટીમના શ્રી અનિલ કક્કડ અને જયરામ સોની એ તબીબી વિજ્ઞાન ના સિધ્ધાંતો, આર્થિક—સામાજિક પાસાઓ અને માનસિક વિકલાંગો ને મળતી સરકારી સહાયો અને તેની યોજનાઓ નો યોગ્ય સમન્વય કરી રજુ કરેલી શૈક્ષણિક માહિતી અને અધ્યતન વિગતો મુજબ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન અનુસાર, વિશ્વભરમાં ૩૫૦ કરોડથી વધુ લોકો માનસિક તાણથી પીડિત છે. હાલમાં ઉપલબ્ધ આંકડાઓ પ્રમાણે વિશ્વમાં ૩૦ કરોડ ડિપ્રેશનના દર્દિઓ છે. જેમા વિશ્વભરમાં ડીપ્રેશનના દર્દીઓમાં દર વર્ષે આશરે ૨૦%વધારો થઈ રહ્યો છે. જયારે ભારતમાં આ આંકડો ૩૬% છે. સ્ત્રીઓમાં ડીપ્રેશનની શક્યતા વધુ હોય છે. હાલમા પ્રવર્તતી કોરોના ની મહામારી ના કારણે સમગ્ર વિશ્વ આર્થિક મંદી અને બેકારી મા સપડાયેલ છે. જેની સીધી અસરો નોકરી. ધંધા, રોજી રોટી મા જોવા મળે છે. આ તબક્કે માનસિક સ્વાસ્થ્ય જાળવવા માટે તનાવમુક્ત જીવનશૈલી અપનાવવા, જીવનમાં કોઈ શોખ, રસ ના વિષય કેળવવા; સમતોલ આહાર, વ્યાયમ સાથે પર્યાપ્ત ઊંઘ લેવી, મનોરંજનને સ્થાન આપવા, સામાજિક સંપર્કો વધુને વધુ જાળવવા, એકલતાને ટાળી પોતાની સમસ્યાઓ અન્યને કહેવા, વાસ્તવિક હોય તેવું જીવનનું ધ્યેય રાખવા, મનને નવરૂ રાખ્યા વગર કોઈને કોઈ રચનાત્મક પ્રવૃત્તિમાં રોકી રાખવા માટે ના પ્રયાસો કરતા રહેવા સેમીનાર ના પ્રવક્તાઓ એ અભિપ્રાય આપેલ છે. આજ ના દિવસે જાહેર જનતા જોગ એક સંદેશમા શ્રી કક્કડ એ જણાવ્યુ હતુ કે અત્યાર ના સંજોગો મા સામન્ય વર્તન રાખો. સામન્ય જીન્દગી જીવવા કોશિશ કરો. કામમાં વ્યસ્ત રહો, ભવિષ્યની યોજનાઓ છોડી દો અને આજ માં જ જીવો, ખુશ રહો. માતા-પિતા અને શિક્ષકોની ભૂમિકા નો પણ ઉલ્લેખ કરી તેઓ એ જણાવ્યુ હતુ કે આવનારી પેઢી અને યુવાવર્ગ ને માનસિક બીમારીથી દૂર રાખવા પ્રયત્ન શીલ બનવામા આવે તો સમાજ અને અર્થતંત્ર તેમજ ઉધોગ, કુટુંબ માટે વિકાસમાં સિંહફાળો આપી શકાશે.

## ધરમપુરના સેવાભાવી દંપતી દ્વારા લોકોમા કોરોના રોગ વિશે જનજાગૃતિ માટે કાપડની થેલી અને સ્ટીકરનું વિતરણ કરાયું




કમલમ દૈનિક, વલસાડ

વલસાડ જિલ્લાના ધરમપુરની તાલુકા હેલ્થટ ઓફીસરની કચેરી ખાતે ધરમપુરના સેવાભાવી દંપતી ઋષિતભાઈ મસરાણી અને પૂર્વજાબેન મસરાણીના સહયોગથી કોરોના રોગ વિશે લોકોમાં જાગૃતિ આવે તે હેતુસર તાલુકા હેલ્થન ઓફિસર ડૉ. જીજ્ઞેશભાઈ માહલા અને ડૉ.અંકિતાબેન પટેલના હસ્તેમ કોરોના અંગેના ચિત્રો અને સુત્રો દર્શાવતી કાપડની થેલી અને સ્ટીજકરનું વિતરણ કરાયું હતું. ઉલ્લેખનીય છે કે, આ દંપતિ પહેલ ચેરીટેબલ ટ્રસ્ટો સંસ્થા થકી અનેક લોકોપયોગી સેવાકીય કાર્યો કરી રહયા છે. આ અંગે જણાવતાં ઋષિત મસરાણીએ જણાવે છે કે, કોરોના સંક્રમણની હાલની પરિસ્થિોતીમા લોકોમાં કોરોના રોગ વિશે જાગૃતિ આવે એ ખૂબ જરૂરી છે. આ કામગીરી માટે ખર્ચની વાત આવતાં તે અંગે મારા પરિવાર સાથે પરામર્શ કરી અમારા મોજશોખ માટે રાખેલા નાણાં લોકોપયોગી બને તે માટે ખર્ચ કરવાનું નક્કી કર્યું. થેલી અને સ્ટીપકર ઉપર છાપકામની ડીઝાઈન અને પ્રિન્ટિંગ માટે પોતાના મિત્ર સુજલને વાત કરતાં તેમણે પણ આ સેવા માટે પોતાનું યોગદાન આપ્યુંવ ધરમપુરના હેલ્થ વર્કર્સ આરોગ્ય ની કામગીરી માટે ગ્રામ્યમ વિસ્તા રોમાં જશે ત્યાસરે કોરોના જાગૃતિ માટેના ચિત્રો અને સૂત્રો જોઈને ગ્રાજમનોમાં જાગૃતિ આવે તેવા ઉદ્દેશ સાથે તેમણે આરોગ્યપકર્મીઓને થેલી અને સ્ટીકર આપવાનું આયોજન કરાયું હોવાનું વધુમાં જણાવ્યુંઅ હતું. આ વિતરણ કામગીરીમાં સહયોગ બદલ ધરમપુર તાલુકા હેલ?થ કચેરી અને તેઓની ટીમનો હૃદયપૂર્વક આભાર માન્યોં છે.

